# શહેરમાં અગનવર્ષા : ૪૩ ડીગ્રી

**સતત ત્રીજા દિવસે મહત્તમ તપમાન વધ્યુ : ગઇકાલની સાપેક્ષમાં ગરમીમાં એક ડીગ્રીનો વધારો : લઘુત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉપર આવ્યુ : બપોરના સમયે નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના લીધે શહેરનુ જનજીવન પણ પ્રભાવિત છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનુ પ્રમાણ વધ્યુ હતુ. આજે એક ડીગ્રીના વધારા સાથે ગરમીનો પારો ૪૩ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જેના લીધે સવારથી જ આકરો તાપ વર્તાતો હતો બપોરના સમયે નગરજનોએ ચામડીને દાહ આપતો તાપ અનુભવ્યો હતો. આગામી દિવસોમાં હજુ પણ ગરમી વધવાની સંભાવના છે ત્યારે ગરમીની અસરથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ઉપર ચઢતો જાય છે. આજે પણ એક ડીગ્રીના વધારા સાથે શહેરમાં કાતિલ ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. સવારથી વાતાવરણમાં આકરી ગરમીની અસર વર્તાતી હતી. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો એક ડીગ્રી ઉપર ચઢયો હતો. એકબાજુ સતત ગરમીના લીધે અલબત્ત છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૨ ડીગ્રી વચ્ચે રહેતા શહેરીજનો આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે.

ત્યારે આજે ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો હતો આવા સંજોગોમાં બપોરના સમયે આકાશમાંથી જાણે અંગારા વરસતા હોય તેવા આકરા તાપનો એહસાસ નગરજનોએ કર્યો હતો. ગરમીનો પારો એકતરફ ઉંચકાઈ રહ્યો છે. બીજીતરફ લઘુત્તમ તાપમાનમાં પણ રોજબરોજ ફેરફાર જોવા મળે છે.

ગઈકાલે લઘુત્તમ તાપમાન ૨૪.૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ગરમીનો પારો પણ ઉપર આવતા રાત્રિનુ તાપમાન પણ ૨ ડીગ્રી ઉંચકાયુ છે.જેના લીધે રાત્રિના સમયે પણ ઠંડકની અસર ઓછી થતી જાય છે. જયારે રાત્રિના સમયે પણ ગરમીની અસર વર્તાય છે. ગરમીની સિઝન નિખરી છે. રોજબરોજ ગરમીનો પારો ઉપર ચઢતો જાય છે. ત્યારે શાળાએ જતા ભુલકાઓ અને નોકરીયાત વર્ગની મુશ્કેલી વધી છે. ઘણી શાળાઓમાં હજુ વેકેશન જાહેર થયુ નથી જયારે આકરી ગરમીમાં વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ પણ વાલીઓ ટાળી રહ્યા છે. આ ઉપરાંત શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ બપોરના સમયે સુનકાર જોવા મળે છે. દિવસ દરમિયાન આકરા તાપની અસરથી સેકટરોની શેરીઓ અને શોપિંગ બજારમાં પણ ખાલીપાની અસર જોવા મળી રહી છે.

જયારે ઢળતી સાંજ બાદ નગરના જનજીવનમાં થોડી રોનક નિખરે છે. અસહ્ય ગરમીના લીધે અબોલ પશુપંખીઓની હાલત પણ દયાજનક બની છે. જયારે ખુલ્લામાં રહેતા શ્રમિકો પણ લાચારીની સ્થિતિમાં મુકાયા છે.

સતત ગરમી પ્રકોપના લીધે જનઆરોગ્ય પણ પ્રભાવિત છે. ગરમીની સિઝનમાં શહેરમાં ઝાડા ઉલ્ટીના કેસ પણ વધી રહ્યા છે. આવા સંજોગોમાં ગરમીથી બચવા માટે બપોરના સમયે નગરજનોને ઘરમાં જ રહેવુ હીતાવહ હોવાનુ પણ તબીબી સુત્રો જણાંવે છે. ગરમીનો પારો ધીમે ધીમે રોજ ઉપર આવતો જાય છે. આવા સંજોગોમાં હજુ પણ ગરમી વધવાની સંભાવના છે. ત્યારે ગરમીથી રક્ષણ મેળવવા માટે નગરજનોએ વધુ સજાગ રહેવાની અનિવાર્યતા છે.

## ગાંધીનગર મહાનગરપાલિકાને શહેરના વિકાસ માટે રૂ. ૨૦.૪૪ કરોડનો ચેક અર્પણ




ગાંધીનગર, તા.૨૭

આજરોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના હસ્તે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરીવિકાસ સત્તામંડળોને રૂ.૧૧૮૪ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના સર્વાંગી વિકાસ માટે રૂ .૨૦.૪૪ કરોડનો ચેક માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત શહેરના સર્વાંગી વિકાસ માટે ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા વતી માન. મેયર હિતેશભાઈ મકવાણા સાહેબ, મ્યુ. કમિશ્નર ડૉ. ધવલભાઈ પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ચેરમેન જશવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને ચેકનો સ્વીકાર કરવામાં આવ્યો.

## તલાટી કમ મંત્રીને ગ્રામ પંચાયતોમાં વહીવટદાર તરીકે નિમવા હુકમો

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકારે આજે વધુ એક મહત્વનો નિર્ણય કર્યો છે. હવે પંચાયતોમાં વહીવટદાર તરીકેની જવાબદારી સિની. વર્ગ-૩ ના કર્મયોગીઓને બદલે તલાટી કમ મંત્રીને મુકવાના રહેશે.

રાજ્યભરમાં ૨૩૦૦ થી વધુ ગ્રામ પંચાયતોની મુદત પુરી થઈ રહી છે ત્યારે આજે રાજ્ય સરકારે તલાટી કમ મંત્રીને ફરજ પરના ગામ સિવાયના બીજા ગામના વહીવટદાર તરીકે નિમવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે કરેલા આ નિર્ણયને પગલે જિલ્લાઓએ મોકલેલી દરખાસ્તના સ્થાને હવે નવેસરથી દરખાસ્ત તૈયાર કરી અને વિકાસ કમિશનરને મોકલવાની રહેશે. ૧લી મે થી ઘણી બધી ગ્રામ પંચાયતોની મુદત પુરી થઈ રહી છે ત્યારે સરકારે એકાએક નિર્ણયમાં કરેલા બદલાવને લઈ પંચાયત વર્તુળોમાં ખળભળાટ મચાવ્યો છે.

રાજ્ય સરકારના પંચાયત વિભાગે આજે કરેલા હુકમમાં જણાવ્યું છે કે એપ્રિલ-૨૨ થી જૂન-૨૨ સુધીમાં મુદત પુરી થતી હોય તેવી ગ્રામ પંચાયતો તેમજ તાજેતરમાં વિભાજનથી અસ્તિત્વમાં આવેલ નવી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ આ ગ્રામ પંચાયતોની નવેસરથી રચના થાય અને પ્રથમ બેઠક મળે ત્યાં સુધી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૨૭૮ હેઠળ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા/ચાર્જ સંભાળતા તલાટી કમ મંત્રી સિવાયના અન્ય ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને વહીવટદાર તરીકે નિમણુંક કરવાના થાય છે.

ગુજરાતમાં ૫૦૦ જેટલી નવી ગ્રામ પંચાયતો વિભાજનથી બની છે. ગ્રામીણ વિસ્તારમાં તલાટીઓ ફરજના સ્થળ પર નિયત સમયે મળતા નથી તેવી ફરિયાદોને અવગણીને પણ સરકારે તેમને વહીવટદાર તરીકે નિમણુંક આપવાના કરેલા હુકમને પગલે રાજકીય વર્તુળો પણ ચોંકી ઉઠ્યા છે.

ગુજરાતમાં તલાટી કમ મંત્રીની જગ્યાઓ પુરી ભરાયેલી નથી તેમજ હજુ પણ તલાટીઓ પાસે બે થી વધુ સેજાના ચાર્જ હોવાની વાતો બહુ છાની રહી નથી.

જો કે પંચાયતોમાં પણ કર્મયોગીઓની ભારે ઘટ પ્રવર્તી રહી છે અને તેથી જ સરકારે આ વિકલ્પ પસંદ કર્યો હોવાનું સચિવાલયના સૂત્રો કહી રહ્યા છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૫૨ વર્ષીય ગૃહીણીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક સપ્તાહ પછી આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો કેસ નોંધાયો નથી.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં અડાલજ ખાતે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો મુજબ આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ કેસ આજે નોંધાતાં તંત્રએ મહિલા દર્દીના સંપર્કમાં આવેલ ૩૯ જેટલા લોકોને હોમ આઈસોલેશનમાં મુક્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ એક જ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે જોવા તંત્રએ સૂચનાઓ આપી અને સર્વેલન્સ સઘન કરવા જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં જ છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ખાસ કરીને અડાલજ અને તેની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સ કરવા માટે જણાવવામાં આવ્યુ છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ અસરારક થાય તે જોવા જણાવાયુ છે.

## પંચદેવ મંદિરથી સે. ૨૧ને જોડતા અન્ડરપાસની કામગીરી મંજૂર

**સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત આ અન્ડર પાસ નાના વાહનો માટે બનાવવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૭

પંચદેવ મંદિરથી સે. ૨૧માં જવા માટેનો નવો અન્ડરપાસ બનાવવામાં આવશે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૯ કરોડના ખર્ચે આ અન્ડરપાસ બનાવવામાં આવનાર છે.

મહાનગરપાલિકાને વન વિભાગ તેમજ માર્ગ-મકાન વિભાગ દ્વારા આ અંગેની જરૂરી મંજૂરી મળી ગઈ છે. આ અન્ડરપાસ બનાવવામાં ટ્રાફિક ડાયવર્ઝન માટે પણ જિલ્લા પોલીસ વડાનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો અને તે પણ મળી જતાં આ કામગીરી શરૂ કરવા માટે તેમજ વાહન ડાયવર્ઝન અંગે જાહેરનામુ અધિક નિવાસી કલેક્ટર સુશ્રી આર.ડી. સિંઘ દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો મુજબ એક બાજુનું કામ પૂર્ણ થાય તે પછી બીજી બાજુનું કામ ચાલુ કરવુ અને તે રીતે ટ્રાફિક ડાયવર્ઝન આપવાની મંજૂરી આપવામાં આવી છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અન્ડરપાસ માત્ર નાના વાહનો માટે જ ૪ મીટર જેટલી હાઈટ ધરાવતો બનાવવામાં આવશે.

આ માર્ગ પર થતા અકસ્માતો નવારી શકાશે તેમજ નાના વાહનો થકી એક સેક્ટરમાંથી બીજા સેક્ટરમાં જવામાં સરળતા ઉભી થશે.

સે. ૨૨ અને ૨૩ વચ્ચે ઘ-રોડ પર પણ આવો જ અંડરપાસ બનાવવામાં આવશે. જો કે હાલ પંચદેવ મંદિરથી સે. ૨૧ માં જવાના અન્ડરપાસને મંજૂરી આપવામાં આવી છે.

પૂર્વ મેયર પ્રાવિણ પટેલે આ અન્ડરપાસ ગાંધીનગરની રચનાના મૂળ નકશામાં પણ સૂચવવામાં આવ્યો હોવાથી તત્કાલ આ કામ હાથ ધરવા સરકારમાં અગાઉ રજુઆત કરી હતી. આ પછી સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ગાંધીનગરનો સમાવેશ થતાં આ કામગીરી સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

## ગુડાએ આવાસ યોજનાના કામ સંદર્ભે રેરા પાસે મુદત વધારવા અરજી કરી

**આવાસ યોજનાના કામ અન્વયે જુની મુદત મુજબ દોઢ થી બે વર્ષ કામમાં વિલંબ : અગાઉ પણ નિયત સમયગાળામાં કામ પુર્ણ થયુ ન હતુ**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા ૫૫૦૦ જેટલા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. જયારે હાલ પણ આવાસોનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે આ મામલે આવાસ નિર્માણને અનુલક્ષી અગાઉ રેરાએ આપેલી મુદત મુજબ ગુડાએ કામ પુર્ણ કર્યુ ન હતુ જયારે હાલ આવાસ યોજનાને નિયત કરાયેલી મુદતની સાપેક્ષમાં અંદાજિત એક થી દોઢ વર્ષના સમય વિતી ગયો છે. જયારે આ મામલે ગુડાએ કુડાસણ અને રાયસણ સહીતની આવાસ યોજના અન્વયે નવી મુદત માંગવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના વિવિધ વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે તબકાવાર કામગીરી ।હથ ધરવામાં આવી રહી છે. ગુડાએ અગાઉ પ્રથમ તબક્કમાં રાયસણ , ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસોનુ નિર્માણ કર્યા બાદ સરગાસણ અને કુડાસણમાં પણ એલ આઈ જી અને એમ આઈ જી પ્રકારના આવાસો બાંધવામાં આવ્યા છે. હાલ પણ પેથાપુર , વાવોલ અને સરગાસણમાં નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. ત્યારે આ માટે ગુડાએ એફોર્ડેબલ આવાસોનુ નિર્માણ કરવા માટેની સમયમર્યાદાને અનુલક્ષી નવી મુદત માંગવામાં આવી છે. જેમાં કુડાસણમાં એમ આઈ જી આવાસોના નિર્માણ માટે ૩૧ મેં. અને રાયસણમાં એલ આઈ જી યોજના માટે ઓકટોબર મહીનાની નવી મુદત પણ લેવામાં આવી છે. ગુડા દ્વારા આર્થિક રીતે નબળા અને મધ્યમવર્ગના પરિવારો માટે વિવિધ પ્રકારના આવાસોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જયારે ગુડાની આવાસ યોજના અન્વયે અંદાજિત ૫૫૦૦ જેટલા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આ આવાસ યોજના અન્વયે જે કામગીરી ચાલી રહી છે. તે અંતર્ગત રેરા સમક્ષ નવી મુદત માટે અરજી કરવામાં આવી છે. અલબત્ત આ અરજીમાં મુદત વધારી આપવા માટે સુચવાયુ છે. ટી પી સ્કીમ નં -૯ કુડાસણના વિસ્તારમાં એમ આઈ જી એક પ્રકારના આવાસો તેમજ કી પી -૧૯ રાયસણ વિસ્તારમાં એલ આઈ જી ટુ પ્રકારના આવાસોનો સમાવેશ થાય છે. જયારે આ પ્રોજેકટની શરૂઆતથઈ ત્યારે રેરા સમક્ષ જ નોંધણી કરવામાં આવી હતી. જયારે આ અન્વયે દર્શાવાયેલી મુદત મુજબ કામ પુર્ણ ન થયુ હતુ જયારે આ મુજબ ફરી ન થાય તે માટે રેરા કક્ષાએથી સુચના પણ આપવામાં આવી હતી જેને અનુલક્ષી ગુડાએ આવાસ નિર્માણ અન્વયે મુદત વધારવા માટે પણ અરજી કરવામાં આવી છે. જયારે કુડાસણમાં એમ આઈ જી એક પ્રકારના આવાસનુ કામ પુર્ણ કરવાની તારીખ ૩૧ માર્ચ ૨૦૨૧ નિયત કરાઈ હતી જયારે હવે આગામી ૩૧ મેં સુધીની મુદત આપવા જણાંવાયુ છે. આ કામગીરીમાં દોઢ વર્ષ જેટલો વિલંબ થયો છે. આ ઉપરાંત રાયસણમાં એલ આઈ જી ટુ પ્રકારના આવાસોને અનુલક્ષીને ૩૧ મેં વર્ષ ૨૦૨૧ની મુદત નિયત કરાઈ હતી જયારે નવી મુદત મુજબ આ કામગીરી ૩૧ ઓકટોબર વર્ષ ૨૦૨૨ ની અરજી કરવામાં આવી છે. જયારે આ કામમાં સૌથી વધુ વિલંબ થયો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

## ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ઉબડ ખાબડ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે

**ગુડાએ માર્ગોની સુધારણા તેમજ નવા રસ્તા બનાવવા માટે વિશેષ આયોજન કર્યુ : ૧૫ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૭

ગત વરસાદી દિવસોના અંતે શહેર તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માર્ગોની દશા બેઠી છે. અલબત્ત માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે ન્યુ ગાંધીનગરમાં પણ માર્ગોની બદતર હાલતના લીધે સ્થાનિકો પરેશાન છે. જેને અનુલક્ષી ગુડાએ વિવિધ વિસ્તારમાં માર્ગોની સુધારણા સહીત નવા રસ્તા બનાવવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં વિવિધ માર્ગોની સુધારણા તેમજ નવા રસ્તા બનાવવા માટે કામોનુ આયોજન કરાયુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરાશે. ગત ચોમાસાના અંતે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ઘણાં ખરા માર્ગો અત્યંત ઉબડ ખાબડ હાલતમાં જોવા મળી રહ્યા છે જેના લીધે સ્થાનિકો પણ તોબા પોકારી ગયા છે. આ સ્થિતિને અનુલક્ષી ગુડા દ્વારા હાલ માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવી રહ્યો છે. ત્યારે જરૂરી વિસ્તારમાં માર્ગોની સુધારણા માટે પણ યોગ્ય આયોજન કરી દેવાયુ છે. એકબાજુ સરકારે હદ વિસ્તરણ કર્યા બાદ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકાની હદમાં આવી ગયો છે. પરંતુ હાલ મહાનગરપાલિકા પાસે મેનપાવરનો અભાવ છે. જયારે આ વિસ્તારમાંથી ગુડાએ કમાણી પણ વધુ કરી છે. અલબત્ત ગુડાને થતી આવકમાં આ વિસ્તારનો સિંહફાળો છે. જેને અનુલક્ષી માળખાગત સુવિધાના કામગીરી પણ હજુ ગુડા દ્વારા કરવામાં આવી રહી છે. ગત વરસાદી દિવસોમાં પણ ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં મોટાભાગના માર્ગો તુટી ગયા છે. જેના લીધે ઉબડ ખાબડ માર્ગો સ્થાનિકો માટે પરેશાનીરૂપ બન્યા છે. જયારે ગટર કે પાણીની લાઈન નાંખવા માટે પણ કામ હાથ ધરાયુ છે ત્યારે યોગ્ય માટીપુરાણ ન થતા પણ માર્ગોની હાલત કફોડી બની છે.

આ સ્થિતિ વચ્ચે વાહનચાલકો માટે પણ આજા ફસાજા જેવી સ્થિતિ થાય છે. જેના લીધે સ્થાનિકોએ પણ આ મામલે વારંવાર ફરિયાદ કરી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ નગર રચનામાં નવા માર્ગોના નિર્માણ તેમજ રસ્તાઓની સુધારણા માટે ગત બજેટ બેઠક વેળાએ રૂ ૧૫ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી જયારે આ મામલે વહીવટી મંજુરી પણ આપી દેવામાં આવી છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા આ કામગીરી હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે.

बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज लिमिटेड
Baroda Global Shared Services Ltd.
(Wholly owned subsidiary of Bank of Baroda)

રજી. ઓફિસ. ૫મો માળ, બરોડા સન ટાવર, સી-૩૪, જી બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાન્દ્રા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૧.

**માનવ સંસાધન ભરતી સલાહકારોના જૂથનું એમ્પેનલમેન્ટ**

બરોડા ગ્લોબલ શેર્ડ સર્વિસીસ લિમિટેડ (BGSSL) ૨૭મો માળ, ગીફ્ટ વન ટાવર, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ મુદતવીતી ક્રેડીટ કલેક્શનને લગતી કલેક્શન એજન્સીઓ/ સેવા પ્રદાતાઓના એમ્પેનલમેન્ટ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મની વિગતો BGSSL વેબસાઈટ www.bgss.in પર "ટેન્ડર વિભાગ" હેઠળ ઉપલબ્ધ છે.

"પરિશિષ્ટ" જો કોઈ હોય તો માત્ર BGSSL વેબસાઈટ પર જ જારી કરવામાં આવશે અને બીડરે ટેન્ડરની અંતિમ રજુઆત પહેલા તેનો સંદર્ભ લેવો જોઈએ.

ઉપરોક્ત ટેન્ડરો સબમીટ કરવાની છેલ્લી તારીખ ૧૨-૦૫-૨૦૨૨ IST ૧૫:૦૦ કલાક સુધી છે.

તારીખ : ૨૦-૦૪-૨૦૨૨
સ્થળ : ગાંધીનગર

પ્રમુખ - માનવ સંસાધન
BGSSL, ગીફ્ટ સીટી, ગાંધીનગર

BGSSL/RFP/HR/2022-23/01

## શહેરના વન આરક્ષિત વિસ્તારમાં રોપાઓની જાળવણી માટે ફેન્સીંગ કરાશે

**ફેન્સીંગમાં ઘણાં ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે જયારે નવા વાવેતરના આયોજન સાથે ફેન્સીંગ કરી વિસ્તારને સુરક્ષિત બનાવાશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની હાલત છેલ્લા ઘણાં સમયથી કંગાળ જોવા મળી રહી છે. વન આરક્ષિત વિસ્તારની યોગ્ય જાળવણીના અભાવે ફેન્સીંગમાં પણ ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. જેના લીધે આ વિસ્તારમાં રખડતા ઢોર તેમજ ગંદકી ખદબદી રહી છે. જયારે આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઓનુ વાવેતર કરવામાં આવનાર છે. ત્યારે વન વિસ્તારમાં રોપાઓના યોગ્ય ઉછેર માટે ફેન્સીંગના ગાબડા પુરવા માટે પણ કામ હાથ ધરવામાં આવશે. શહેરના વિવિધ સેકટરોમાં સિમેન્ટની નવી થાંભલી સાથે ફેન્સીંગ કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વન આરક્ષિત વિસ્તારની આસપાસ કરવામાં આવેલી ફેન્સીંગ હાલ તુટેલી હાલતમાં જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ માર્ગની એસબાજુએ કરવામાં આવેલી ફેન્સીંગમાં ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જો કે લાંબા સમયથી યોગ્ય સફાઈ અને જાળવણીના અભાવે વન આરક્ષિત વિસ્તારમાં ગંદકીનુ પ્રમાણ વધ્યુ છે. જયારે ફેન્સીંગ પણ તુટેલી હોવાથી નીલગાય સહીતના રખડતા ઢોર માટે પણ આ વિશ્રામનુ સ્થાન ગણાય છે. એકબાજુ નવા રોપાઓની વાવણી સાથે શહેરના મુખ્યમાર્ગો આસપાસના વન આરક્ષિત વિસ્તારને નયનરમ્ય બનાવવા માટે પણ સમયાંતરે આયોજન કરવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી મુખ્યમાર્ગોને અડીને આવેલા આ વન વિસ્તારમાં સફાઈ થઈ નથી જયારે ફેન્સીંગનુ રીપેરીંગ પણ થયુ નથી. આવા સંજોગોમાં નવા રોપાઓની વાવણી બાદ તેની

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com